THOU hast taken entire possession of this miserable instrument and if it is not yet perfected enough for Thee to complete its transformation, its transmutation, Thou art at work in each one of its cells to knead it and make it supple and enlighten it, and in the whole being, to arrange, organise and harmonise it. Everything is in movement, everything is changing; **... ... ...**

O Lord, I implore Thee, hasten the blessed day when the divine miracle will be accomplished, hasten the day of the realisation of the Divine upon earth.

– The Mother

Prayers and Meditations
22 January 1916

આ દીન કરણ તેં પૂરેપૂરું તારા હાથમાં લઇ લીધું છે. પરંતુ એ હજી એટલું તો સંપૂર્ણ નથી બનેલું કે જ્યારે તું એનું સંપૂર્ણ રીતે રૂપાંતર કરી શકે, એની સંપૂર્ણ કાયાપલટ કરી શકે, અને તેથી તું એના એકેએક અણુમાં કામે લાગી જઈ એને ગૂંદી રહ્યો છે, એને સૂક્ષ્મ બનાવી રહ્યો છે, પ્રકાશથી ભરી રહ્યો છે, એના સારાયે સમગ્ર રૂપમાં તું એને વ્યવસ્થિત કરી રહ્યો છે, સુયોજિત અને સંવાદમય કરી રહ્યો છે. એકેએક ચીજ ગતિમાં આવી ગઈ છે. પલટાઈ રહી છે. **... ... ...**

હે પ્રભુ, મારી વિનંતી છે : એ ધન્ય દિવસ જલદી જલદી લાવો કે જ્યારે આ દિવ્ય ચમત્કાર સિદ્ધ થયેલો હશે, જ્યારે પૃથ્વી ઉપર પ્રભુનો દિવ્ય સાક્ષાત્કાર મૂર્ત થયેલો હશે.

– શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૨૨ જાન્યુઆરી ૧૯૧૬

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● March 2023
https://themothersprosperity.org

Prosperity
શ્રી માતાજીની સિદ્ધિ-રિદ્ધિ
2023
MARCH
૧ માર્ચ, ૨૦૨૩

– O Lord, grant that ... –
– હે પ્રભુ, મારી પ્રાર્થના છે કે ... –



Life is meant for seeking the Divine,
Life is realised when finding the Divine.

[February 1971: The Mother gave this special message for Prosperity]

જીવન છે પ્રભુને શોધવા માટે,
જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.

[ફેબ્રુઆરી ૧૯૭૧ : સિદ્ધિ-રિદ્ધિ માટે શ્રી માતાજીએ આપેલો ખાસ સંદેશ]

– શ્રી માતાજી

GIVE me Thy light, O Lord, grant that I do not fall into any error. Grant that the infinite reverence, the utter devotion, that intense and profound love I bring to Thee may be radiant, convincing, contagious, and be awakened in every heart.

O Lord, Eternal Master, Thou art my Light and my Peace; guide my steps, open my eyes, illumine my heart, and lead me on the paths that go straight to Thee.

O Lord, Lord, grant that I may have no other will than Thine and that all my acts may be an expression of Thy divine law.

A great Light floods my whole being, and I am no longer conscious of anything but Thee. . . .

Peace, peace, peace upon all the earth

– The Mother

Prayers and Meditations
13 December 1913

મને તારો પ્રકાશ આપ, પ્રભુ, મારી પ્રાર્થના છે કે હું લેશ પણ ભૂલ ન કરું. મારી પ્રાર્થના છે કે હું તારી સમક્ષ જે અનંત સન્માન ભાવ, અત્યંત ભક્તિ, આટલો બધો તીવ્ર અને ગહન પ્રેમ લઈને આવું છું તે ઉદ્યોતક બનો, પ્રતીતિકારક બનો, સર્વને સ્પર્શી જનાર બનો, અને સર્વના હૃદયમાં તે જાગૃત બનો.

હે પ્રભુ, હે શાશ્વત ગુરુ, તું છે મારો પ્રકાશ અને મારી શાંતિ; તું મારાં પગલાંને દોરી જા, મારાં ચક્ષુને ખોલી જા, મારા હૃદયને અજવાળી જા, અને મને તારા પ્રતિ સીધેસીધા લઇ જતા માર્ગો ઉપર દોરતો રહે.

હે પ્રભુ, પ્રભુ, મારી પ્રાર્થના છે કે તારા સંકલ્પ સિવાય મારામાં બીજો કોઈ સંકલ્પ રહેવા ન પામો અને મારાં સર્વ કાર્યો તારા દિવ્ય નિયમને પ્રગટ કરનાર બની રહો.

મારા ઉપર સર્વત્ર એક મહાન પ્રકાશ વરસી રહ્યો છે, અને મને હવે તારા સિવાય બીજા કશાનું ભાન નથી. ...

શાંતિ, શાંતિ, અખિલ ભૂમંડલ પર શાંતિ.

– શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૧૩ ડિસેમ્બર ૧૯૧૩